ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

મંગળવાર ૧ સપ્ટેમ્બર ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

## દહેવાણ ટાઉન ટોક

### -: દહેવાણ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 2229 |
| કુલ વસ્તી | 10880 |
| કુલ પુરૂષો | 5692 |
| કુલ સ્ત્રીઓ | 5188 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 77.47 |
| પુરૂષ સાક્ષરતા દર | 89.88 |
| સ્ત્રી સાક્ષરતા દર | 63.91 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 1305 |
| ખેત મજૂર | 1396 |
| સીમાંત વર્ગ | 1721 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 450 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 728 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1997 |
| ગાય | 394 |
| ભેંસ | 1293 |
| અન્ય | 310 |

### -: જમીન ક્ષેત્રફળ :-

1434 હેક્ટર 30 આરે 45 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 118 હેક્ટર 11 આરે 07 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 08 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 02 |
| વિદ્યાર્થીઓ | 2355 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 3262 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 3231 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 11 |
| ખેતી વિષયક જોડાણ | 143 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 445 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 1835 |
| BPL કાર્ડ ધારકો | 916 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 274 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 110 |
| વિધવા સહાય | 95 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 35 |




## બોરસદ તાલુકાનું અગ્રેસર ગામ મહી કાંઠા પંથકનું ઐતિહાસિક દહેવાણ


# દધિપુરથી દહેવાણના નામકરણ સાથે સદીઓની ઈતિહાસગાથા સાચવી બેઠેલું મહીકાંઠાનું ગામ

બોરસદ તાલુકાનું દહેવાણ ગામ સાથે લોકસ્મૃતિમાં સદીઓ જૂની ઇતિહાસગાથા દટાયેલી હોવાનું સ્થાનિક વડીલોની ચર્ચાઓ પરથી જણાય આવે છે. મહી નદીના કાંઠે વસેલું દહેવાણ પ્રાચીન ધાર્મિક, સામાજિક, વહીવટી અને સાંસ્કૃતિક વારસાની અનેક કડીઓ સાથે જોડાયેલું ગામ છે. સરકારી દસ્તાવેજોમાં પણ દહેવાણ બોરસદ તાલુકાના મહી કાંઠાના ગામોમાં સમાવિષ્ટ છે.

સ્થાનિક ઇતિહાસ અને પેઢી દર પેઢી ચાલતી લોકપરંપરા મુજબ દહેવાણનું પ્રાચીન નામ ‘દધિપુર નગર’ અથવા ‘દમણપુર નગર’ હતું. લોકમાન્યતા અનુસાર સોલંકી વંશના પ્રતાપી રાજા સિદ્ધરાજ જયસિંહના સમયમાં યોજાયેલા મહારુદ્ર યજ્ઞમાં ભાગ લેનાર દધિચી બ્રાહ્મણોને તાંમ્રપત્ર દ્વારા આ ગામ દાનમાં આપવામાં આવ્યું હતું. આ પરંપરાને કારણે દહેવાણમાં દધિચી બ્રાહ્મણોની બ્રહ્મપોળ વિકસેલી હોવાનું સ્થાનિક લોકો જણાવે છે.

> **સિદ્ધરાજ જયસિંહના સમયની દધિચી બ્રાહ્મણોની પરંપરાથી તેજબાઈ સતીના પાળિયા સુધી અને નગોજી તળાવથી સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભો સુધી અનેક ઐતિહાસિક કડીઓ ધરાવે છે દહેવાણ**

દહેવાણની લોકસ્મૃતિમાં સૌથી ભાવનાત્મક લોકવાયકા તેજબાઈ સતી સાથે જોડાયેલી છે. સ્થાનિક માન્યતા મુજબ બ્રાહ્મણ પરિવારની પુત્રી તેજબાઈ સતી થયાં હતાં. મહી નદીના કિનારે આજે પણ તેમનો પાળિયો હોવાનું જણાવાય છે. આ પાળિયો માત્ર ધાર્મિક આસ્થાનું પ્રતીક નહીં, પરંતુ ગામની સામાજિક સ્મૃતિ અને લોકપરંપરાનો એક મહત્વપૂર્ણ અવશેષ છે. તેજબાઈ અંગેની લોકવાયકા સાથે એક રસપ્રદ માન્યતા જોડાયેલી છે. કહેવાય છે કે મહીનદીમાં ભરતીનું પાણી પાળિયા સુધી પહોંચે તે પહેલાં પાણીના પ્રવાહનો અવાજ જાણે થંભી જાય છે. દહેવાણની લોકવાયકા અને આસ્થાની પરંપરા તરીકે ગણવામાં આવે છે. દહેવાણ ગામની પૂર્વમાં ગોરવા ગામ અને દરિયાઈ ખાડી છે. આ ખાડી પર આડબંધ બાંધવામાં આવેલ છે, જેની આગળ સારોલ ગામ છે. પશ્ચિમે કંકાપુરા, ઉત્તરે રાસ ગામ છે. દક્ષિણમાં મહીસાગર નઠી આવેલી છે. જે ખંભાતના અખાતને મળે છે. જેનો પટ ૮ કિલોમીટર છે અને દિવસમાં બે વાર ભરતી-ઓટ આવે છે. આ પ્રદેશને પૌરાણિક મહાભારત-કાલીન હિડંબા વનનો ભાગ પણ માનવામાં આવે છે.



દધીચી બ્રહ્મપોળ

## ૧૭ વર્ષ બોરસદ તાલુકા પંચાયત પ્રમુખ અને ૧૦ વર્ષ વિધાનસભા કુલ ૨૭ વર્ષમાં દહેવાણના ધીરસિંહજીનો દબદબો રહ્યો

ચરોતરના મહિકાંઠાના છેડે આવેલા દહેવાણ ગામ અને સમગ્ર મહિકાઠા માટે વિકાસનો પાયામાં મહત્વનું સ્થાન સ્થાપિત કરનાર દહેવાણના વતની ધીરસિંહજી પરમારનુ વ્યક્તિત્વ અવિસ્મરણીય રહ્યું છે. તેમનો જન્મ તા. ૨૨-૦૧-૧૯૪૨ના રોજ થયો હતો. રાજવંથી ક્ષત્રિય પરિવારમાં ગુલાબબા અને પિતા છત્રસિંહ પરિવારના વંશજ છે. ધીરસિંહજીના લગ્ન અનગઢના શાંતાબા સાથે થયા. સહકારના પાઠ પણ તેઓને પોતાના ગામમાં જ મળ્યા. ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં સેવા આપી હતી. ગામની માધ્યમિક શાળા ખાતે સેવા આપી હતી. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ તરીકે ચૂંટાયા હતા. શ્રી કેળવણી મંડળ દહેવાણની સ્થાપનાથી લઈને શાળામાં ક્લાર્ક અને શિક્ષક તરીકે સેવાઓ આપી તેને સમગ્ર જિલ્લામાં ગોરવવંતુ સ્થાન અપાવવામાં મહત્વનો ફાળો રહ્યો હતો. દહેવાણની દૂધ મંડળીમાં જોડાઈ સહકારી ભાવનાને ઉજાગર કર્યા બાદ સરપંચ બન્યા હતા. સરપંચ બનેલ ધીરસિંહજી એ તાલુકા પંચાયતના સભ્ય તરીકે ચુટાઇને રાજકીય જીવનનો પાયો નાખ્યો હતો. અમૂલ ડેરીના ડીરેક્ટર તરીકે પણ તેમણે પોતાની સેવાઓ આપી છે. ૧૯૭૩ થી ૧૯૭૬ સુધી તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ રહ્યા બાદ ૧૯૭૬ થી ૧૯૯૦ સુધી સતત ૧૭ વર્ષ તાલુકા પંચાયત પ્રમુખ રહ્યા હતા. તે દરમ્યાન તેમણે મહિકાઠા પંથક અને સમગ્ર બોરસદ તાલુકાના વર્ષોથી પડતર પ્રશ્નો અને કાર્યો ઉકેલવા માટે નિર્ણયો કર્યા હતા. આ સમય દરમ્યાન તેમણે કાંઠાગાળાની પ્રાથમિક જરૂરિયાતો જેવીકે પ્રાથમિક શાળાઓ, રસ્તાઓ, પાણી,બસ, સિંચાઈ, નહેરો, વિજળી, પાતાળ કુવા વગેરે માટે લોકોપયોગી કાર્યો કર્યા હતા. શિક્ષણ યજ્ઞ શરૂ કરી અંતરીયાળ વિસ્તારની કાયા પલટ કરવા કમર કસી હતી.ધારાસભ્ય તરીકે સતત સતત જાગૃત રહી ઘરથાળના પ્લોટ પર આવાસો બાંધવાની કામગીરી બજાવી હતી. આ પ્રશંસનીય કામગીરીના કારણે તેઓ ગુજરાત રાજ્ય ગૃહ નિર્માણ બોર્ડના અધ્યક્ષ બન્યા હતા. તેઓ ડિરેક્ટર ખેડા જિલ્લા સહકારી સંઘ , ડિરેક્ટર બોરસદ તાલુકા ખરીદ-વેચાણ સંઘ, ગુજરાત રાજ્ય વીજ - નિગમ, ગુજરાત નર્મદા ફર્ટી કંપની, ભરૂચ, ગુજરાત ઉ.મા. શિ.બોર્ડ. અમૂલ ડેરી, સરદાર પટેલ યુનિ., એસ. ટી બોર્ડ, ગુજરાત , ટેલીફોન સલાહકાર બોર્ડ વગેરે સ્થાન પર નિયુક્ત કરાયા હતા. તેમના સંતાનોમાથી બે પુત્રો ઘનશ્યામસિંહ અને વિજયસિંહ બંને અમેરીકામાં સ્થાયી છે. ત્રીજા પુત્ર રાજેન્દ્રસિંહ પિતાની જેમ લોક સેવા માટે રાજકીય ક્ષેત્રે ઝંપલાવી સતત પાંચ ટર્મ સુધી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ધીરસિંહજી માટે ૧૯૯૦ પછીનો સમય એક સુવર્ણકાળ બની ગયો. સતત ૩ ટર્મ સુધી તેઓ ચુટાતા રહ્યા હતા. જાહેર સુખાકારીના કાર્યોને વેગવાન બનાવવા સતત પ્રયત્નશીલ રહ્યા હતા. ધીરગંભીર વ્યક્તિત્વ - દ્રઢ મનોબળ - ત્વરિત નિર્ણય શક્તિ - નિર્ભયતા-ખંત-શિસ્ત- વચનબદ્ધતા વગેરે ગુણો ધરાવતા લોકસેવક ધીરસિંહજીને અચાનક હૃદયરોગનો હુમલો આવ્યો. તા. ૧૦-૧૧-૯૯ ના રોજ બોરસદ તાલુકાના અને કાઠાંગાળાના ઉધ્ધારક પનોતા પુત્ર એવા શ્રી ધીરસિંહજી હૃદયરોગ સામે સતત લડવા છતાં જીતી ન શક્યા અને ચિરવિદાય લીધી. તેમણે ૧૭ વર્ષ તાલુકા પંચાયતમાં અને ૧૦ વર્ષ વિધાનસભામાં કુલ ૨૭ વર્ષમાં સમગ્ર વિસ્તારને વિકાસ કાર્યો કરી આગળ લાવવાનો પ્રયત્ન કર્યો હતો.

## દહેવાણનો દરબારગઢ એટલે ભૂતકાળની ભવ્યતા અને વર્તમાનનો જીવંત દસ્તાવેજ




દરબાર ગઢ

ચરોતર પ્રદેશમાં આવેલું દહેવાણ પોતાના સમૃદ્ધ ઈતિહાસ અને ભવ્ય વારસા માટે જાણીતું છે. આ ભવ્ય વારસાના પ્રતીક સમો દરબાર ગઢ ર આજે પણ મહિસાગર નદીના રમણીય કિનારેથી માત્ર એકાદ કિલોમીટરના અંતરે શોભાયમાન છે, જે રજવાડાના ભવ્ય દિવસોની યાદો તાજી કરાવે છે.આ માત્ર એક સ્થાપત્ય જ નથી , પણ રાજવી પરિવારનો વર્તમાન નિવાસસ્થાન પણ છે. બોરસદ તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય કિર્તિસિહ પરમાર બાપુ અને તેમના પરિવાર સાથે દરબાર ગઢમાં નિવાસ કરે છે. દરબાર ગઢ ભવ્યતા અને રાજ શૈલી માટે જાણીતો છે. પ્રવાસીઓ અને ઈતિહાસપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. આ દરબારગઢ માત્ર એક ઈમારત નથી, પરંતુ તે દહેવાણના ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ અને પરંપરાઓનો જીવંત દસ્તાવેજ છે.

## ૧૯૩૦માં ગાંધીજીના મહી નદી પાર કરવાની ઘટના સ્થાનિક લોકોની સ્મૃતિમાં છે

દહેવાણનો ઇતિહાસ માત્ર મધ્યકાલીન પરંપરાઓ પૂરતો મર્યાદિત નથી. ગાંધીયુગના સંદર્ભોમાં પણ દહેવાણનો ઉલ્લેખ મળે છે. બોરસદ સત્યાગ્રહ દરમિયાન રાસ, દહેવાણ અને બોરસદ જેવા ગામોમાં રાષ્ટ્રીય કાર્યકરોની પ્રવૃત્તિઓની ગાથા દહેવાણના ગ્રામજનોમાં સ્મૃતિવંત છે.

મહાત્મા ગાંધીની દાંડીયાત્રાના સંદર્ભમાં પણ દહેવાણ મહત્વપૂર્ણ ગામ છે. એક ઐતિહાસિક પ્રવાસવર્ણનમાં દહેવાણ ખાતે મહી પાર કરવા માટે ઓવારાનો સંદર્ભ અને ૧૯૩૦માં ગાંધીજીના મહી પાર કરવાની ઘટના સ્થાનિક લોકોની સ્મૃતિમાં સચવાયેલી પડી છે. દાંડીયાત્રા આઝાદીની લડતમાં ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કર્યો. તેના માટે જે દાંડીયાત્રા નીકળેલી એનુ સાક્ષી દહેવાણ છે. દાડીયાત્રા ના માર્ગમાં દહેવાણ અને કનકાપુરા આવેલ છે.

> **દહેવાણ ગામના ખુમાનસિંહ ગબાભાઈ ગરાસિયા અને જીવરામભાઈ પંડ્યાએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં દાંડીકુચ દરમિયાન સહયોગ આપ્યો હતો**

દાંડીયાત્રા આ ગામમાંથી પસાર થઈ હતી. ત્યાર બાદ મહાત્મા ગાંધીજીએ કંકાપુરા ગામમાં રાત્રી સભા કરી હતી. તત્કાલીન સમયે દહેવાણ ગામના ખુમાનસિંહ ગબાભાઈ ગરાસિયા અને જીવરામભાઈ પંડ્યા ખુબ સહયોગ આપ્યો હતો. કનકાપુરામાં રાત્રી રોકાણ કરી મહાત્મા ગાંધીજીને મહીસાગર નદીના ૮ કિ.મી. પહોળા પટને પસાર કરવા દહેવાણ ગામના બન્ને દેશપ્રેમીઓ તથા બદલપુરના ‘રઘુનાથા કાકા’એ હોડીઓની વ્યવસ્થા કરી આપેલ હતી. આ રીતે આઝાદીના જંગમાં પણ દહેવાણ અને કનકાપુરાનું નામ જોડાયેલું છે. આ દહેવાણ કંકાપુરા દાડીયાત્રા માર્ગ પર અવાર-નવાર ઘણા પદયાત્રીઓ આવે છે. રાસથી કનકાપુરા તરફ આગળ વધતો દહેવાણ તરફનો રસ્તો એ સમયે અત્યંત મુશ્કેલ અને માત્ર ગાડાવાટ (કાચો રસ્તો) હતો. દાંડી સત્યાગ્રહીઓ માટે માલસામાન વહન કરવો અને ચાલવું પડકારજનક હતું. આ વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલે ગાંધીજીના આગમન પહેલાં જ પ્રવાસ કરીને ગામલોકોને જાગૃત કર્યા હતા. દહેવાણ અને આસપાસના પછાત તથા ધરતીપુત્રોના ગામોએ સત્યાગ્રહીઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું અને બ્રિટિશ શાસન સામે અસહકારના શપથ લીધા હતા.ભારત સરકાર અને ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આ ઐતિહાસિક માર્ગને 'દાંડી હેરિટેજ રૂટ' તરીકે વિકસાવવામાં આવ્યો છે. આ માર્ગ પર આવતા મુખ્ય ૨૧ રાત્રિ રોકાણ અને મહત્વના સ્થાનોની જેમ જ દહેવાણ અને તેની આસપાસના વિસ્તારોને રાષ્ટ્રીય સ્મૃતિ તરીકે સાચવવામાં આવ્યા છે, જેથી નવી પેઢી આઝાદીના આ અહિંસક આંદોલનની કથા જાણી શકે.